Enrollment No: ____________________ Exam Seat No: ____________________

# C.U.SHAH UNIVERSITY

## Summer Examination-2018

**Subject Name : Compulsory Accountancy - I**
**Subject Code : 4CO01CAC2** **Branch: B.Com (Gujarati)**
**Semester : 1** **Date : 27/03/2018** **Time : 02:30 To 05:30** **Marks : 70**

Instructions:
(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** સંયોજન વખતે મિલકતો, જવાબદારીઓ અને મૂડી ખાતાં બંધ કરી કયા ખાતે ખોલીને નોંધાય છે? 1

(a) પુન: મૂલ્યાંકન ખાતે (b) નફા- નુકસાન ખાતે
(c) નવી પેઢી ખાતે (d) નફા નુકસાન હવાલા ખાતે

**b)** સંયોજન વખતે પેઢીના ચોપડે પાઘડી નક્કી થાય તો તે ...... 1

(a) નફા નુકસાન હવાલા ખાતે જમા થાય (b) નવી પેઢી લઈ જાય
(c) કોઈ અસર ન થાય (d) જૂની પેઢીના ભાગીદારોના નફા નુકસાનના પ્રમાણથી મૂડી ખાતે જમા થાય

**c)** આસામી આડત ..... 1

(a) ફક્ત રોકડ વેચાણ પર ગણાય (b) મોકલેલ કુલ વેચાણ પર ગણાય
(c) કુલ વેચાણ પર ગણાય (d)ફક્ત ઉધાર વેચાણ પર ગણાય

**d)** આડતિયાએ પોતે ખરીદી લીધેલા માલ ઉપર કઈ આડત ચૂકવાય ? 1

(a) સાદી આડત (b) આડત ચૂકવાતી નથી
(c) આસામી આડત (d) વધારાની આડત

**e)** આડત માલના ધંધામાં રૂ. 35,000ની કિંમતનું અસામાન્ય નુકસાન થયું, જેનો વીમા કંપનીએ 40% રકમનો દાવો સ્વીકાર્યો. આડત માલ ખાતે કેટલી રકમ જમા થશે? 1

(a) રૂ.14,000 (b) 21,000 (c) 35,000 (d) 17,500

**f)** રાશના ધંધા માટે નીચેની પ્રવૃત્તિ અનુકૂળ છે? 1

(a) નદી પર ના પુલનું બાંધકામ (b) કાપાડની દુકાન (c) દવાની દુકાન (d) સિમેંટની એજંસી

**g)** રાશ ખાતું કોના જેવું છે? 1

(a) ફક્ત વેપાર ખાતા જેવું (b) ફક્ત નફા નુકસાન ખાતા જેવું
(c)ફક્ત પાકા-સરવૈયા જેવું (d)વેપાર ખાતા અને નફા નુકસાન ખાતાના મિશ્રણ જેવું

**h)** રાશના ધંધામાં વેચાણ બદલ રૂ. 3,00,000 ના ડિબેંચર મળ્યા અને તે રૂ. 3,75,000માં વેચી દીધા. રાશ ખાતે જમા બાજુ ......... ની નોંધ થાય. 1

(a) રૂ. 3,75,000 (b) રૂ. 3,00,000 (c) રૂ. 75,000 (d) રૂ. 6,75,000

**i)** પ્રીમિયમને મહેસૂલી ખર્ચ ગણવામાં આવે ત્યારે ભરેલ પ્રીમીયમને ક્યા ખાતે ઉધારવામાં આવે છે? 1

(a) પોલિસી ખાતે (b) પ્રીમીયમ ખાતે (d) નફા- નુકસાન ખાતે (d) વેપાર ખાતે

**j)** સંયુક્ત જીવન વીમા પોલિસીનું વાર્ષિક પ્રીમિયમ રૂ. 15,000 છે. જો ચોથા વર્ષના અંતે શરણમૂલ્ય રૂ. 12,000 હોય તો કુલ ભરેલ પ્રીમિયમના કેટલા ટકા થાય? 1

(a) 25% (b) 20% (c) 75% (d) 80%

**k)** નીચેની કઈ પધ્ધતિમાં સંયુકત જીવન વીમા પોલિસીનું પ્રીમિયમ વર્ષના અંતે નફા-નુકસાન ખાતે માંડી વાળવામાં આવે છે? 1

(a)જો પ્રીમિયમ મહેસૂલી ખર્ચ ગણવામાં આવે. (b) જો પ્રીમિયમ મૂડી ખર્ચ ગણવામાં આવે.

(c) શરણમૂલ્ય કિંમતે દર્શાવવામાં આવે (d) ત્રણમાંથી એક પણ નહીં

**l)** નવી પેઢી જે દેવાં જવાબદારી સ્વીકારે તેને જૂની પેઢી પોતાના ચોપડામાં.... 1

(a) જવબદારી ખાતે જમા કરે (b) નવી પેઢી ખાતે ઉધારે

(c)નવી પેઢી ખાતે જમા કરે (d) મૂડી ખાતે ઉધારે

**m)** હિસાબી ધોરણ – 2નું નામ ........ 1

(a) ઈન્વેન્ટરીનું મૂલ્યાંકન (b) ઘસારા પધ્ધતિ (c) રોકાણોના હિસાબો (d) અદ્રશ્ય મિલકતો

**n)** રોકડ પ્રવાહ પત્રક હિસાબી ધોરણ કયા નંબરનું છે? 1

(a) 1 (b) 2 (c) 3 (d) 4

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2 Attempt all questions (14)**

(a) વેચાણ અને આડતમાલ તફાવત આપો. 7

(b) ભાગીદારી પેઢીના સંયોજનના હેતુ જણાવો. 7

**Q-3 Attempt all questions (14)**

(a) હિસાબી ધોરાણ નંબર – 1 સમજાવો. 7

(b) તફાવત આપો – આડતમાલ અને રાશ. 7

**Q-4 Attempt all questions (14)**

(a) રાશના ધંધામાં નીચેના હવાલાની આમનોંધ આપો. 7

1.રાશના ધંધામાં માલસામાનની રોકડેથી ખરીદી થાય ત્યારે.

2.રાશના ધંધામાં માલસામાનની ખરીદી શાખ પર થાય ત્યારે.

3.રાશના ધંધા માટે ખર્ચ ચૂકવવામાં આવે ત્યારે.

4.રાશના ધંધામાં શાખ પર વેચાણ થાય ત્યારે.

5.રાશના ધંધામાં ઉધાર વેચાણમાં ઘાલખાધ પડે ત્યારે

6.રાશના ધંધામાં આખરસ્ટૉક ભાગીદારો લઇ જતા હોઇ ત્યારે.

7.રાશના ધંધામાં નફો કે નુકસાન અંગે નોંધ.

(b) હિસાબી ધોરણ નંબર – 4 સમજાવો. 7

**Q-5 Attempt all questions (14)**

અમદાવાદના ABC કેમિકલ્સે રૂ.10ના ભાવે 2,000 લિટર રસાયણ સુરતના પોતાના આડતિયા XYZ ટ્રેડર્સને આડતથી વેચવા મોકલ્યું. તેમણે ખર્ચના રૂ.1,000 ચૂકવ્યા. આડતમાલ પેટે તેમણે લખેલી રૂ. 12,000ની ત્રણ માસની હૂંડી XYZ ટ્રેડર્સે સ્વીકારી, જે તેમણે રૂ. 200વટાવથી વટાવી. 14

રસ્તામાં 1,000 લિટર રસાયણ ઢોળાઈ ગયું, જે અંગે વીમાના કંપનીએ ફક્ત રૂ.600નો દાવો મંજૂર રાખ્યો. બાકીના માલ અંગે XYZ ટ્રેડર્સે રૂ. 1,200 વેચાણ ખર્ચ ચૂકવ્યો.

તેમણે મોકલેલ વેચાણ આંકડા પરથી માલૂમ પડ્યું કે 1,600 લિટર રસાયણ તેમણે રૂ.20ના ભાવે વેચ્યું અને 50 લિટરની કુદરતી કરણોસર ઘટ પડી હતી. આડતિયાને શરત મુજબ વેચાણ પર 5% કમિશન અને 2% આસામી આડત આપવાની હતી. આડતિયાએ વેચાણ આંકડા સાથે બાકીની રકમનો ડ્રાફ્ટ મોકલી હિસાબ ચૂકતે કર્યો. આડતિયાએ ઉધાર વેચાણ માલ પૈકી એક ગ્રાહક નાદાર થતાં તેની પાસે લેણાં રૂ. 1,000માંથી ફક્ત 50% લેખે નાણાં વસૂલ થયાં.

બંને પક્ષકારોના ચોપડે જરૂરી ખાતાં તૈયાર કરો.

**Q-6 Attempt all questions (14)**

(a) A, M, અને K 1:2:2 ના પ્રમાણમાં નફોનુકસાન વહેંચતા ભાગીદારો છે. તેમણે રૂ. 3,00,000ની સંયુક્ત જીવન વીમા પૉલિસી લીધી. તા. 1-01-2011ના રોજ રૂ. 12,000નું પ્રથમ વાર્ષિક પ્રીમિયમ ચૂકવવામાં આવ્યું. 7

પૉલિસીનું શરણ મૂલ્ય નીચે મુજબ છે:

| | |
|---|---|
| તા. 31-12-2011 | રૂ. શૂન્ય |
| તા. 31-12-2012 | રૂ.2,400 |
| તા. 31-12-2013 | રૂ.4,500 |

મનુ તા. 15-2-2014ના રોજ અવસાન પામે છે. પેડઃઈના ચોપડે સંયુક્ત જીવન વીમા પૉલિસીનું ખાતું અને સંયુક્ત જીવન વીમા પૉલિસી અનામત ખાતું તૈયાર કરો.

(b) સંયુક્ત જીવન વીમા પોલિસીમાં પ્રીમિયમને મિલકત તરીકે ગણી, "પોલિસીઅનામત ખાતું" ઉભું કરવાની પધ્ધતિ સમજાવો. 7

**Q-7 Attempt all questions (14)**

P બ્રધર્સ અને K બ્રધર્સ પેઢીઓએ સંયોજન કરવાનું નક્કી કરી નવી પેઢી શ્રી R બ્રધર્સ રચવાનું નક્કી કરેલ. તે સમયનું P બ્રધર્સ અને K બ્રધર્સનું પાકું સરવૈયું નીચે મુજબ હતું : 14

તા. 31-3-2016ના રોજનાં પાકાં સરવૈયાં

| મૂડી-દેવાં | P બ્રધર્સ | K બ્રધર્સ | મિલકત-લેણાં | P બ્રધર્સ | K બ્રધર્સ |
|---|---|---|---|---|---|
| મૂડી ખાતાં : | | | ફેક્ટરી | 1,20,000 | - |
| A | 1,60,000 | - | ઓફીસ | - | 1,60,000 |
| B | 1,20,000 | | મશીનરી | 1,00,000 | 80,000 |
| C | - | 1,20,000 | રોકાણો | 40,000 | 60,000 |
| D | | 1,60,000 | સ્ટૉક | 80,000 | 80,000 |
| અનામત ફંડ | 56,000 | 80,000 | દેવાદારો | 60,000 | 80,000 |
| ન.નુ.ખાતું | 28,000 | 40,000 | રોકડ બેંક | 40,000 | 60,000 |
| લેણદારો | 60,000 | 80,000 | અ.ચૂ.ખર્ચા | 1,600 | 1,200 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| દેવી હૂંડી | 12,000 | 24,000 | | | |
| ચૂ.બાકી પગાર | 5,600 | 17,200 | | | |
| | 4,41,600 | 5,21,200 | | 4,41,600 | 5,21,200 |

P બ્રધર્સના ભાગીદારો 4:3 ના પ્રમાણમાં અને K બ્રધર્સના ભાગીદારો 3:2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચતા હતા. સંયોજનની શરતો નીચે મુજબ મંજૂર રાખવામાં આવી :

1. નવી પેઢીમાં દરેક ભાગીદારોનું નફા-નુકસાનનું પ્રમાણ સરખું રાખવું.
2. P બ્રધર્સની પેઢીની ફેક્ટરીની કિંમત રૂ. 1,60,000 ગણવી.
3. K બ્રધર્સની ઑફિસની કિંમત રૂ. 1,20,000 ગણવી.
4. બંને પેઢીની મશીનરીની કિંમતમાં 10% ઘટાડો કરવો.
5. રોકાણોની કિંમત 10% વધુ ગણવી.
6. બંને પેઢીનો સ્ટૉક અનુક્રમે 10% વધુ અને 10% ઓછી કિંમતે ગણવો.
7. દેવાદારો ઉપર 5% ઘાલખાધ અનામત રાખવી.
8. લેણદારો પર 5% વટાવ અનામત સાથે પેઢીએ કબૂલ્યા.
9. બાકીનાં દેવાં ચોપડા કિંમતે ગણવાં.
10. રોકડ-બેન્ક સહિત તમામ મિલકતો-દેવાં નવી પેઢીએ સંભાળી લેવાં.

P બ્રધર્સ અને K બ્રધર્સના ચોપડા બંધ કરવા જરૂરી ખાતાં તૈયાર કરો.

**Q-8 Attempt all questions (14)**

(a) સંયુક્ત જીવન વીમા પોલિસીમાં પ્રીમિયમને મહેસૂલી ખર્ચ ગણવાની પધ્ધતિ જણાવો. 7

(b) તા. 1લી ઓક્ટોબર, 2015ના રોજ S અને R 2:1ના ભાગે રાશના ધંધામાં જોડાયા. તેમણે તેમના સંયુક્ત બેન્ક ખાતામાં અનુક્રમે રૂ.1,00,000 અને રૂ, 50,000 જમા કરાવ્યા અને ઠરાવ્યું કે સંયુક્ત બેન્ક ખાતાનો ઉપયોગ ખરીદ અને વેચાણ માટે કરાવો. જ્યારે રાશના ખર્ચા દરેક ભાગીદારે પોતાની અંગત રોકડમાંથી ચૂકવવાના છે. S ને સામાન્ય વહીવટ માટે વાર્ષિક રૂ. 10,000 લેખે પગાર આપવનો છે. અને R ને તેને કરેલા વેચાણ પર 10% કમિશન આપવાનું છે. S રૂ. 1,00,000નો માલ ખરીધ્યો અને ખર્ચાના રૂ. 5,000 ચૂકવ્યા. R કેટલોક માલ રૂ.1,00,000માં વેચ્યો અને વેચાણ ખર્ચના રૂ. 2,000 ચૂકવ્યા. રૂ. 34,000ની કિંમતનો નહિં વેચાયેલો માલ S રાખી લીધો. તા. 31મી માર્ચ, 2016ના રોજ હિસાબોની પતાવટ કરવામાં આવી. 7

રાશ ખાતું, સંયુક્ત બેન્ક ખાતું અને ભાગીદારોના મૂડી ખાતાં તૈયાર કરો.